# સમાનતાના આગ્રહી સમજદાર પુરૂષવર્ગને આહ્વાન

# CALLING ALL MEN OF QUALITY, WHO ARE NOT AFRAID OF EQUALITY

**મહિલાઓ અને બાલિકાઓ ઉપર થતી હિંસા રોકો**

**STOP VIOLENCE AGAINST WOMEN AND GIRLS**


ઓળખ OLAKH
A space for women
નારીવાદી સાહિત્ય, સંસાધન અને મૈત્રી-માર્ગદર્શન કેન્દ્ર

8-A, Nivruti Colony, Opp. Jilla Talim Bhavan,
Karelibaug, Vadodara - 390 018. Gujarat, INDIA
Phone & Fax No. : 91 265 2486487 / 2486037
Email : olakh@satyam.net.in

ટી-શર્ટ અને જીન્સમાં સજ્જ એક યુવાન કોલેજની કેન્ટિનમાં પ્રવેશ્યો, એ યુવાને તેના ટી-શર્ટ પર એક શ્વેત પટ્ટી લગાડી હતી. શ્વેત પટ્ટી એને કેન્ટિનમાં હાજર બીજા વ્યક્તિઓથી અલગ પાડતી હતી. એના ટી-શર્ટ પરની પટ્ટી જોઈને કેટલાક યુવાનો હસ્યા, કેટલાકને એની ટીખળ કરવાનું મન થયું, કેટલાક લોકો એની પાસે જઈને જાતજાતના સવાલો પૂછીને મજાક કરવા લાગ્યા. **'એ આ સફેદ રીબીન શેની છે ?'** એક જણે પૂછ્યું.

અત્યાર સુધી ટીખળ-મજાકને શાંતિ અને સ્વસ્થતાથી સાંભળ્યા બાદ એ યુવાન પોતાની જગ્યા પરથી ઉઠીને યુવાનોના ટોળા પાસે ગયો અને શાંત અવાજે કહ્યું, 'જાણંવુ છે તમારે  હું શા માટે સફેદ રીબીન પહેરું છું' ?તો સાંભળો, એણે વાત શરુ કરી. ટોળુ પોતાની પાથરેલી જાળમાં ફસાયુ, તેઓ યુવાનને ના પાડી શક્યા નહી. યુવાને વાતની શરૂવાત કરી : **હું આ સફેદ રીબીન સ્ત્રીઓ સામે થતાં અત્યાચાર ના વિરોધ માં પહેરું છું.**

આ રીબિન મારી એક પ્રિય મિત્રની યાદમાં મેં લગાડી છે અમે સાથે હરતા - ફરતા - લડતા-ઝઘડતા અને ફરી પછી ભેગા થતાં પણ હવે એ આ દુનિયામાં નથી કારણ એટલું જ કે એણે તેની સાથે થયેલા અન્યાય સામે અવાજ ઉઠાવ્યો હતો.મારી મિત્ર એક વાર ટ્રેન માં મુસાફરી કરતી હતી, કેટલાક લોકોએ ટ્રેન માં સતામણી કરી. મારી મીત્રએ તેઓનો સામનો કર્યો, વિરોધ કર્યો. ટ્રેન માં તે એકલી નહોતી. ટ્રેન માં મારા અને તમારા જેવા ઘણા માણસો હતા. પણ બધાએ આંખ આડા કાન કર્યા, મોઢું ફેરવી દીધુ, મૌન રહ્યા, નિષ્ક્રિય રહ્યા, સતામણી કરનારાઓ એ તેની હત્યા કરી ત્યાં સુધી મારી મિત્ર એકલા હાથે સામનો કરતી રહી. ''મારી છાતી પરની આ સફેદ રીબીન મને સતત યાદ દેવડાવતી રહે છે કાશ એને જો કોઈએ સાથ આપ્યો હોત તો એ અત્યારે પણ જીવતી હોત.'' યુવાનના લાગણીભર્યા અવાજની અસર સાંભળનારા પર પડી હતી. બધા શાંત થઈ ગયા.

યુવાને આગળ કહ્યું , ''મારી માતા જેણે મને જન્મ આપ્યો, મારું ઘડતર કર્યુ છે હું આજે જે પણ કાંઇક છુ તેમા મારી માતાનું બહુ મોટુ યોગદાન છે. હું ઇચ્છુ છુ મારૂ લાલન પાલન કરનાર મારી માતા એક સ્ત્રી સદા સલામત રહે.

''મારે એક બહેન છે, મને એની સલામતીની ચિંતા રહે છે!'' હું ઈચ્છુ છું મારી બહેન જ્યાં પણ હોય ત્યાં હંમેશા સ્વસ્થ રહે, મુક્ત પણે હરે ફરે અને તેને કોઈ સતાવે નહી.

''ભવિષ્યમાં મારી જીવનસાથી  હશે. એક સ્ત્રી હું ઈચ્છુ છુ કે તે પણ દરેક પરિસ્થિતિમાં સલામત રહે, મારી પુરુષ તરીકે એક જવાબદારી બને છે. સ્વસ્થ અને સલામત વાતાવરણ નિર્માણ કરવું.

'' હું ઈચ્છુ છુ કે ભવિષ્યમાં જ્યારે હું મારી વ્હાલી દીકરીનો પિતા બનીશ, અને મારી દીકરીને સુંદર, સલામત અને ગૌરવભર્યુ જીવન મળે તેનુ સ્વસ્થ, મુક્ત અને પ્રગતીશીલ વ્યક્તિત્વ નિમાર્ણ થાય તેવા વાતાવરણનું સર્જન કરવાની પણ મારી જવાબદારી બને છે.''

''મારી આ સફેદ રીબિન દર્શાવે છે કે હું એ સૌ સ્ત્રીઓની સાથે થતી હિંસાનો વિરોધ કરું છું. આ રીબીન લગાડીને હું સૌને જણાવવા માગું છું કે મારી મા, બહેન, પત્ની, પુત્રી, મારી મિત્ર અને મારા જીવન પર અસર કરનારી અનેક સ્ત્રીઓ સામે હિંસાચાર ન થાય તે જોવાની એક પુરુષ તરીકે મારી ફરજ છે. હું એટલું જ ઈચ્છું છુ કે હું તેમાંથી કોઈનીય સામે હિંસા કરું નહિ કે એવા હિંસાચારનો મૂક પ્રેક્ષક પણ ન બની રહું. મિત્ર, તમને નથી લાગતુ કે તમારે પણ આવી હિંસાનો વિરોધ કરવો જોઈએ, ઝુંબેશમાં જોડાવુ જોઈએ ? બોલો, જોડાશો મારી સાથે, સ્ત્રીઓ સામે થતી હિંસાના વિરોધની ઝુંબેશમાં?'' અને યુવાન બોલતો અટકી ગયો, એણે તેના પેન્ટના ખિસ્સામાંથી શ્વેત રીબીનો કાઢી અને સૌને વહેંચવા માંડી, સૌએ એ રીબીનો ઉમળકાથી લઈ લીધી.

સ્ત્રી પર થતી હિંસા એક એવી ઘટના છે જે અમીર, ગરીબ, મધ્યમવર્ગ તથા દરેક રાષ્ટ્ર, ધર્મ અને જાતિમાં વ્યાપક પ્રમાણમાં ફેલાયેલી છે. જાતીય સતામણી, માનસિક અને ભાવનાત્મક સતામણી આ બધા જ પ્રકારની હિંસાનાં દેખીતાં નિશાન હોતાં નથી અને વળી કોઈ પણ પ્રકારની હિંસાને ભૂલી શકવાનું સહેલું નથી.

સમાજમાં પ્રચલિત માન્યતા છે કે મોટા ભાગના પુરુષોને સ્ત્રીઓ માટે પ્રેમ હોય છે. તેઓ સ્ત્રીઓની સંભાળ રાખે છે અને કોઈ હિંસાત્મક કૃત્યો નથી કરતા પણ નેશનલ ક્રાઇમ રેકોર્ડ બ્યુરો ૨૦૦૫ ના આંકડાઓ દર્શાવે છે કે ભારતમાં :

- *દર ૧૨ મિનિટે એક સ્ત્રી, પુરુષ દ્વારા શારીરિક ત્રાસનો ભોગ બને છે.*
- *દર ૪૨ મિનિટે જાતીય સતામણીની ૧ ઘટના બને છે.*
- *દર ૪૩ મિનિટે ૧ સ્ત્રીનું અપહરણ કરવામાં આવે છે.*
- *દર ૭૭ મિનિટે ૧ સ્ત્રીનું ખૂન કરવામાં આવે છે.*
- *હિંસાનો ભોગ બનેલ ૫ સ્ત્રી માંથી ૧ બાળકી હોય છે.*
- *હિસા કરનાર ૨૦ આરોપીમાંથી ૧૯ છૂટા ફરે છે અથવા નિરપરાધી જાહેર થાય છે.*
- *દર ૩૨ મિનિટે એક સ્ત્રી પર બળાત્કાર થાય છે.*
- *૬૯ માંથી ૧ બળાત્કારની નોંધણી થાય છે.*
- *૫૨% સ્ત્રીઓ જીવનમાં ઓછામાં ઓછા ૧ વખત શારીરિક-માનસિક હિંસાનો ભોગ બને છે.*
- *૪૦% પરિણીત ભારતીય મહિલાઓનું શારીરિક શોષણ તેના પતિ કરે છે.*

*ઈન્ટરનેશનલ સેન્ટર ફોર રીસર્ચ ઓન વુમન દ્વારા વર્ષ ૨૦૦૨ માં થયેલ રાષ્ટ્ર વ્યાપક અભ્યાસ પ્રમાણે*

- *૮૫% પુરૂષો એ ઓછામાં ઓછા ૧ વખત હિંસાત્મક વ્યવહાર કર્યો હતો પછી ભલે એ શારીરિક, માનસિક કે જાતિય હોય.*
- *છેલ્લા ૧ વર્ષ માં ૩૨% પુરુષોએ પોતાની ગર્ભવતી પત્નિ પર હિંસા આચરી હતી.*

*મહિલા સંગઠનો દ્વારા સંકલિત કરવામાં આવેલ આંકડા દર્શાવે છે કે ૧૦૦૦૦ કરતાં વધારે સ્ત્રીઓનું દર વર્ષે ખૂન  તેમના પોતાના ઘરમાં કરવામાં આવે છે જે દહેજ મૃત્યુ, આકસ્મિક કે કુદરતી મૃત્યુ તરીકે નોંધાય છે.*

*વર્ષ ૨૦૦૧ નાં સેન્સસ મુજબ ભારતમાં ૧૦૦૦ પુરુષોએ ૯૨૭ સ્ત્રીઓ જ્યારે ગુજરાતમાં ૧૦૦૦ પુરુષોએ ૮૭૮ સ્ત્રીઓ છે.*

આ બધા જ આંકડાઓ ચિંતાજનક છે અને દરેક પ્રકારની હિંસામાં મોટા ભાગે જાણીતા પુરુષો જવાબદાર છે.

**શા માટે અમુક પુરુષો સ્ત્રીઓ પ્રત્યે હિંસક હોય છે ?**

પુરુષો જન્મથી હિંસક હોતા નથી. પુરુષો દ્વારા આચરવામાં આવતી હિંસા એ તેમની સ્ત્રીઓ અને બાળકો સાથેના સંબંધો માં પ્રગટ થતાં પૌરૂષત્વના અહમનું પરિણામ છે. પુરુષોને નાનપણ થી જ એવુ શીખવાડવામાં આવેલ છે કે સત્તા એટલે પોતાની આજુબાજુના લોકો અને દુનિયા પર પ્રભુત્વ અને અંકુશ ધરાવવો. મોટા-ભાગના પુરુષો સીધા શારીરિક હિંસા નથી કરતા તો પણ આ પ્રકારની વિચારસરણીના કારણે તેઓ હિંસાનો ઉપયોગ કરવો વ્યાજબી છે તેમ માને છે.

છોકરાઓ અને પુરુષો પણ પિતૃસત્તાક સંસ્કૃતિમાં રહેલી સ્ત્રી અને પુરુષની બીબાઢાળ છબીની વિચારસરણીનો શિકાર બનેલા હોય છે. જે પુરુષો નમ્ર કે વિવેકી હોય તેમને બાયલા કે નમાલા ગણીને મશ્કરી કરવામાં આવે છે. તેમને સંવેદનશીલ, લાગણીશીલ કે બીજાનું જતન કરવાના ગુણો કેળવવા અંગે હતોત્સાહ કરવામાં આવે છે. અને તેમને કમાનાર, રક્ષણ કરનાર કે યુધ્ધ કરનારની ભૂમિકા તરફ ધકેલવામાં આવે છે. સ્ત્રીઓ પરની હિંસા રોકવાની ચળવળમાં પુરુષો સહભાગી બને તે ખૂબ અગત્યનું છે કારણ કે આવી હિંસાથી ફક્ત સ્ત્રીઓને જ નુકસાન નથી પરંતુ પુરુષોને પણ નુકશાન છે. આ પ્રકારની વ્યવસ્થામાં પુરુષો માટે ભૂમિકાઓની પસંદગી મર્યાદિત છે અને પરિણામે તેઓ પોતાનું મનુષ્યત્વ ગુમાવી બેસે છે.

**દરેક પુરુષ હિંસક નથી પરંતુ દરેક સ્ત્રી અને પુરુષ બધાજ પ્રકારની હિંસા રોકવાની જવાબદારી લે તે જરૂરી છે.**

**સ્ત્રીઓ પર થતી હિંસાનો અંત લાવવા આપણે શુ કરી શકીએ ?**

- સ્ત્રીઓ સામે હિંસા આચરો નહિ અને આચરનારને ટેકો પણ ન આપો.
- કોઈ સ્ત્રી સાથે દુર્વ્યવહાર થતો હોય, એના પરત્વે હિંસાચાર થતો હોય તો તેના **મૌન પ્રેક્ષક ન બનો**. હિંસાચાર એટલે માત્ર મારઝૂડ નહિ. તે ભાવનાત્મક, જાતીય, મનોવૈજ્ઞાનિક અને સામાજિક હોઈ શકે છે. આવી કોઈ પણ રીતની હિંસાના વિરોધમાં અવાજ ઉઠાવો. હિંસાનો ભોગ બનેલી સ્ત્રીને સન્માનપૂર્વક સાથ આપો.
- વલણો બદલવા માટે કાર્યરત થઈએ : પુરુષો દ્વારા સ્ત્રીઓ પર થતી હિંસાનો સામનો કરવા માટે કાયદાકીય સુધારણા અગત્યની છે પરંતુ . સાથે સાથે એક સમુદાય તરીકે લગ્ન વ્યવસ્થા, કુટુંબ વ્યવસ્થા, જ્ઞાતિ વ્યવસ્થા કાયદો, આરોગ્ય, શિક્ષણ વ્યવસ્થા, સંચાર માધ્યમો અને આપણી ભાષા જે સમાજમાં સ્ત્રી-પુરુષ વચ્ચે અસમાનતા ફેલાવે છે, તેને પડકારવી ખૂબ જરૂરી છે.
- હિંસા એ હિંસા ફેલાવનાર કે સહનકરનાર કોઈને લાભકારક નથી. આપણાં વલણો કે જે પુરુષત્વને સત્તા અને સર્વોપરિતા સાથે સરખાવે છે તેમાંથી બહાર નીકળવું જરૂરી છે. આપણે સૌ સાથે મળી હિંસામુક્ત પણ એક બીજાની સાર સંભાળ સાથેનું જીવન જીવવા પ્રતિબદ્ધ થઈએ.
- તમારા અભિપ્રાયને વાચા આપો. સ્ત્રીઓ સામે થતી હિંસાની બાબતમાં પુરુષો શું કરી શકે ? એ વિષય પર લખો, લખાવો અને પ્રચાર કરો તમે તમારા આ વિષય પરના મંતવ્યો 'ઓળખ'ના સરનામે મોકલી શકો છો.

વિશ્વમાં સ્ત્રીઓ સામે થતી હિંસા ડામવા ઘણી સંસ્થાઓ અને વ્યક્તિઓ કાર્યરત છે. તમે પણ આ સંસ્થામાં સહકાર આપી શકો છો. આ ઉપરાંત ૨૫ મી નવેમ્બર થી ૧૦ મી ડિસેમ્બર દરમ્યાન સમગ્ર વિશ્વમાં સ્ત્રીઓ સામે થતી હિંસા ના વિરોધની ઝુંબેશ ચાલી રહી છે તમે પણ આ પ્રકારની ઝુંબેશ ઉપાડી આ મુદ્દા સામે અવાજ ઉઠાવી શકો છો,

**ઓળખ માં જોડાવો :**

'ઓળખ' વડોદરા સ્થિત નારીવાદી, સાહિત્ય સંસાધન અને મૈત્રી માર્ગદર્શન કેન્દ્ર છે. 'ઓળખ' સ્ત્રીઓ અને બાળકીઓ વિરોધી હિંસા સામે લોકોમાં જાગૃતિ ફેલાવી, સહાયક સેવાઓ પુરી પાડવા માટે સતત કાર્યશીલ છે.

જ્યારે કોઈપણ સ્ત્રી તનાવ, બેચેની, ગૂંચવણ, ઉપેક્ષા, નિઃસહાયતા, વિષાદ કે અલગતા અનુભવતી હોય, ઘરમાં કે કાર્યસ્થળ પર, અપરિચિત કે પરિચિત વ્યક્તિઓ કે મિત્રો દ્વારા સામાજિક લિંગભેદ / જાતીય / ભાવનાત્મક / માનસિક અને શારીરિક અત્યાચારનો ભોગ બની હોય, અને આ વિશે તેમને કોઈની સાથે વાતચીત કરવી હોય, માહિતી-જ્ઞાન કે સલાહ-સૂચનની જરૂર હોય તો **'ઓળખ' મૈત્રી - માર્ગદર્શન કેન્દ્રનો રૂબરૂ અથવા મફ્ત. ટેલિફોન નં. ૧૦૯૧ અથવા ૨૪૮૫૪૯૦ સેવા દ્વારા**, વડોદરામાં ગમે ત્યાંથી સંપર્ક કરી શકો છો.

**"સ્ત્રીઓ અને બાળકીઓનો અધિકાર છે હિંસામુક્ત જીવન.
ચાલો, આપણે, તેમના પર થતી હિંસા
રોકવાની જવાબદારી લઈએ."**

ઓળખ OLAKH
જ્યા જ્યાં મન મુકીને કરીએ વાત
A space for women
નારીવાદી સાહિત્ય, સંસાધન અને મૈત્રી-માર્ગદર્શન કેન્દ્ર

૮-એ, નિવૃત્તિ કોલોની, જીલ્લા તાલીમ ભવન સામે,
કારેલીબાગ, વડોદરા - ૩૯૦ ०૧૮. ગુજરાત. ભારત
ફોન અને ફેક્સ નં. : ૯૧ ૨૬૫ ૨૪૮૬૪૮૭ / ૨૪૬૬૦૩૭